Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# યુવા મહોત્સવ માટેના સામાન્ય નિયમો

**<u>અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી</u>**

૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કોલેજોના તેમજ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં અભ્યાસ કરતા નિયમિત વિદ્યાર્થી/વિદ્યાર્થીની યુવા મહોત્સવમાં ભાગ લઈ શકશે.

૨. યુવા મહોત્સવમાં ભાગ લેતા વિદ્યાડર્થી/વિદ્યાર્થીનીની ઉંમર જે તે શૈક્ષણિક વર્ષના જુલાઈ મહિનાની ૧લી તારીખે ૧૬ વર્ષની નાની અને ૨૫ વર્ષથી મોટી ન હોય તે જ ભાગ લઈ શકશે.

૩. જો કોઈ હરીફ વૈયકિતક સ્પર્ધામાં લાગલગાટ ત્રણ (૩) વર્ષ સુધી પ્રથમ ક્રમે આવે તો તે ત્યાર પછીના મહોત્સવમાં તે જ સ્પધામાં સતત ચોથે વર્ષે ભાગ લઈ શકશે નહીં.

૪. નિયત કરેલા ફોર્મમાં પુરી વિગતો ભરીને ભાગ લેનાર સંસ્થાએ પ્રવેશપત્ર કોલેજના આચાર્યશ્રી/અનુસ્નાતક વિભાગના વડાશ્રી મારફત મોકલવાના રહેશે.

૫. યુવા મહોત્સવનું આયોજન અને સંચાલન યુનિવર્સિટી યુવક કલ્યાણ વિભાગ કરશે.

૬. યુવા મહોત્સવની સ્પર્ધા માટેના નિર્ણાયકો યુનિવર્સિટી દ્વારા નીમવામાં આવશે. આકસ્મિક સંજોગોમાં કોઈ નિર્ણાયક ન આવી શકે તો આયોજક/સંચાલક કોલેજ જે તે વિષયના કોઈપણ નિષ્ણાંતને યુનિવર્સિટીની મંજુરી લઈ નિમણૂંક આપી શકશે. પરંતુ સ્પર્ધામાં ભાગ લેનારી કોલેજોના સ્ટાફના સભ્યને નિર્ણાયક તરીકે નિમણૂંક આપી શકશે નહીં. સ્પર્ધા માટે નિમાયેલા નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સર્વ ને બંધનકર્તા થશે.

૭. સ્પર્ધા માટે, લાઈટ, સ્ટેજ, વીંગ્સ, ડ્રેસીંગ રૂમ તથા પ્રેક્ષગારની વ્યવસ્થા આયોજક તરફથી કરવામાં આવશે. સંગીત અને નાટક માટેની અન્ય જરૂરિયાતો સેટીંગ્સ તથા અન્ય સજાવટના સાધનોની વ્યવસ્થા ભાગ લેનાર સંસ્થાઓએ પોતે કરવાની રહેશે.

૮. સ્પર્ધા અંગેનો કોઈપણ આઈટમ માટે મેકઅપ, સંગીતના સાધનો, સંગીત માટેના સહાયકોની તથા વેશભૂષાની વ્યવસ્થા ભાગ લેનાર કોલેજે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૯. (અ) સામૂહિક / વૈયકિતક સ્પર્ધા માટે ઓછામાં ઓછાં ચાર પ્રવેશપત્રો આવ્યા હશે તો જ જે તે સ્પર્ધા યોજવામાં આવશે.
(બ) શાસ્ત્રીય કંઠય, શાસ્ત્રીય વાદ્ય અને શાસ્ત્રીય નૃત્ય માટે ન્યુનતમ ૩(ત્રણ) પ્રવેશપત્રોની જરૂરિયાત રહેશે.
(ક) ૯ (અ) અને (બ) માં જણાવ્યા પ્રમાણે નિયત સંખ્યાના પ્રવેશપત્રો આવ્યા બાદ પણ જો સ્પર્ધાના સ્થળે ઓછામાં ઓછા ૨(બે) સ્પર્ધકો હાજર રહેશે તો પણ જે તે કૃતિની સ્પર્ધા યોજવામાં આવશે.

**<u>અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી</u>**

૧૦. યુવા મહોત્સવની જે સ્પર્ધાઓમાં કોલેજો ભાગ લેવા માગતી હોય તો તે માટે નિયત કરેલ પ્રવેશપત્રોમાં વિગતો ભરી નિયત તારીખ સુધીમાં એ પ્રવેશપત્રો આયોજક કોલેજને અને તેની નકલ યુનિવર્સિટીના યુવક કલ્યાણ વિભાગને અવશ્ય મોકલવાની રહેશે.

૧૧. યુવા મહોત્સવની પ્રત્યેક સ્પર્ધા દીઠ <u>રૂા.૧૦૦/– પ્રવેશ ફી નિયત કરવામાં આવી છે. આ ફીની રકમ પ્રવેશપત્રોની નકલો સાથે કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવીર્સટી પો.બો. નં.૪૯, સુરતના સરનામે મોકલવાની રહેશે. પ્રવેશ ફી વિના પ્રવેશપત્રો સ્વીકારવામાં આવશે નહીં.</u>

૧૨. સ્પર્ધા અંગે કોઈપણ પ્રકારની ફરિયાદ ઉદ્દભવે તો તે સંજોગોમાં મહોત્સવમાં ભાગ લેનાર કોલેજની ફરિયાદ, લવાદ પંચ સ્વીકારી સાંભળશે અને તેનો નિકાલ કરશે. જે તે કોલેજની ફરિયાદ લવાદપંચના મંત્રી સ્વીકારશે. પ્રત્યેક સ્પર્ધાની પ્રત્યેક ફરિયાદ દીઠ રૂા.૫૦૧/– પ્રોટેસ્ટ ફી તરીકે ફરિયાદ સાથે ભરવાની રહેશે. આવી ફરિયાદ સાચી ઠરે તો તે કોલેજને પ્રોટસ્ટ ફી પરત કરાશે. લવાદપંચનો નિર્ણય આખરી ગણાશે.

૧૩. યુવા મહોત્સવમાં ભાગ લેનાર કોલેજ જો કોઈ સ્પર્ધામાંથી ખસી જવાં માંગતી હોય તો તેણે મહોત્સવ શરૂ થવાના ત્રણ દિવસ પહેલા વ્યવસ્થાપક/સંચાલકને એ અંગે જણાવવાનું રહેશે. પરંતુ સ્પર્ધા અંગેની પ્રવેશ ફી પરત કરવામાં આવશે નહીં અને ભાગ ન લેવા માટેનું યોગ્ય કારણ યુનિવર્સિટીને અનિવાર્યપણે જણાવવાનું રહેશે.

૧૪. યુવા મહોત્સવમાં કોલેજ/અનુસ્નાતક વિભાગના વધારેમાં વધારે ૩૦ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે, તેમને માટે યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ પ્રમાણે મુસાફરી ખર્ચ તથા ભોજન ખર્ચ યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે. રહેઠાણની વ્યવસ્થા આયોજક કોલેજ / યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે.

૧૫. યુવા મહોત્સવમાં ભાગ લેનાર દરેક ટીમ સાથે એક મેનેજર તેમજ એક પટાવાળાની વ્યવસ્થા રાખવી. તેમના ભોજન અને રહેઠાણની વ્યવસ્થા યુનિવર્સિટી કરશે. જો કોઈ કોલેજમાં પાંચથી વધુ વિદ્યાર્થીનીઓ હોય તો તેવી કોલેજોની ટુકડી સાથે વધારાના એક મહિલા મેનેજરને લાવવાની છુટ આપવી અને તેમના ભોજન અને રહેઠાણની વ્યવસ્થા યુનિવર્સિટી કરશે.

૧૬. મેનેજરને અને પટાવાળાને પોતાની કોલેજ ટીમ સાથે રહેવાનું હોવાથી વિદ્યાર્થીઓને અપાતા દરે મુસાફરી ખર્ચ યુનિવર્સિટી આપશે.

૧૭. વિજયશ્રી સમારંભને દિવસે પ્રથમ વિજેતા ટીમો સિવાયની અન્ય ટીમો હાજર રહી શકશે નહીં.

૧૮. યુવા મહોત્સવના વિજયશ્રી સમારંભમાં પ્રથમ વિજેતાઓ એ પોતાની પ્રથમ વિજેતા આઈટમ ફરજિયાત રજૂ કરવાની રહેશે. વિજેતા પોતાની પ્રથમ વિજેતા આઈટમ રજુ કરવા માટે હાજર રહેશે નહીં, તો તેમના સ્પર્ધા માટે યુનિવર્સિટી તરફથી મળતું ' ફરતું શિલ્ડ' એનાયત કરવામાં આવશે નહીં.

૧૯. યુવા મહોત્સવના આયોજક તરફથી યુવા મહોત્સવની કોઈ સ્પર્ધા કે એમાં ભાગ લેનારની કોઈ આઈટમ રદ કરવામાં આવે તો તે સ્પર્ધા કે આઈટમની પ્રવેશ ફી પરત કરશે નહીં.

૨૦. યુવા મહોત્સવમાં પ્રથમ આવેલ કૃતિને વેસ્ટ ઝોન ખાતે મોકલવામાં આવશે. જેમા યુનિવર્સિટી તરફથી મુસાફરીની વ્યવસ્થા કરી આપવામાં આવશે. આ સિવાય અન્ય કોઈ ખર્ચ યુનિવર્સિટી ચુકવશે નહિ. જેવા કે પ્રેકટીસ અને રિહર્સલ ખર્ચ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે નહિ.

**અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી**

# : યુવા મહોત્સવની વિવિધ સ્પર્ધાઓના નિયમો :

## (૧) એકાંકી નાટક ( One Act Play ):

- પ્રત્યેક એકાંકીની સમય મર્યાદા ઓછામાં ઓછી ૨૫ થી વધુમાં વધુ ૩૦ મિનિટની રહેશે. બે નાટક વચ્ચે ૧૦ મિનિટનો સમય તૈયારી માટેનો રહેશે.

- નાટકની રજુઆત વખતે જરૂરિયાત મુજબના અત્યંત અલ્પ સાધન સામગ્રી અને સંનિવેશનો ઉપયોગ કરવો જેથી રંગમંચ પાંચ મિનિટમાં સજાવી શકાય અને ખાલી કરી શકાય.

- પ્રત્યેક એકાંકીમાં વધુમાં વધુ સોળ (૧૬) વ્યકિતઓ ભાગ લઈ શકશે, જો દિગ્દર્શક રંગમંચ પર ભાગ લે તો તેમનો આ સંખ્યામાં સમાવેશ થાય છે. આ સોળ વ્યકિતઓ જેમાં બાર સ્પર્ધક અને ચાર સહાયકોને રંગમંચ ગોઠવણી માટે લઈ શકાશે. આ ચાર સહાયકોમાં વ્યવસ્થાપક, પ્રકાશઆયોજક, ધ્વનિઆયોજક વગેરેનો સમાવેશ કરી લેવામાં આવશે.

- સંનિવેશ માટે યુનિવર્સિટી તરફથી બેકડ્રોપ, આગલો પડદો, વીંગ, ઝાલર તથા સામાન્ય ફર્નિચરની વ્યવસ્થા કરવામાં આવશે. ખુલ્લા રંગમંચ પર નાટક રજુ કરવાનું રહેશે. સ્ટેજ ડેકોરેશન માટે સાધનોની વ્યવસ્થા ભાગ લેનારે કરવાની રહેશે. આ ઉપરાંત પ્રકાશ વ્યવસ્થા માટે યુનિવર્સિટી તરફથી રંગમંચ પર યોગ્ય સંખ્યામાં ફલટ લાઈટ, સ્પોટ લાઈટ, ડિમર તથા યોગ્ય સંખ્યામાં માઈક્રો ફોનની વ્યવસ્થા કરવામાં આવશે.

- મેકઅપની તથા વેશભૂષાની તમામ વ્યવસ્થા ભાગ લેનાર કોલેજે પોતાના ખર્ચે કરવાની રહેશે.

- હરિફાઈમાં એકાંકી હિન્દી/ગુજરાતી ભાષામાં રજુ કરી શકશે. નાટકનું વસ્તુ અને / અથવા ભજવણી સમાજ કે રાષ્ટ્રના હિતની વિરૂધ્ધ અશ્લીલ આક્ષેપાત્મક હોવુ ન જોઈએ.

- નાટક રજુ કરતા પહેલા નાટક લેખક, પ્રકાશક કે અન્ય અધિકૃત વ્યકિતની લેખિત પરવાનગી મેળવવાની તમામ જવાબદારી જે તે હરિફ સંસ્થાની રહેશે. નિર્ણાયકો કે યુનિવર્સિટી અધિકારીઓ કે આયોજકો જયારે પણ માંગે ત્યારે આવી લેખિત પરવાનગી રજુ કરવાની જવાબદારી હરિફ સંસ્થાની રહેશે. આવી પરવાનગી મેળવી ન હોવાને કારણે ઉપસ્થિત થતા તમામ પ્રશ્નો અને પરિણામોની જવાબદારી હરિફ સંસ્થાની રહેશે. આ બાબતમાં યુનિવર્સિટી કે વ્યવસ્થાપક કોલેજની કશી જવાબદારી રહેશે નહીં.

- જયારે કોઈ એક હરિફ સંસ્થા રંગમંચ પર પોતાનું નાટક રજુ કરી રહી હોય ત્યારે બીજી કોઈ સંસ્થાના કે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને રંગમંચ ઉપર કે પાછળ દાખલ થવા દેવામાં આવશે નહીં. આ નિયમમાં યુનિવર્સિટીના અધિકારીઓ, વ્યવસ્થાપકો, વ્યવસ્થાપક કોલેજના માન્ય પ્રતિનિધિઓ, સહાયકો વગેરેનો સમાવેશ કરવામાં આવતો નથી.

- નાટકનો ભજવણી ક્રમાંક ઉતરતા ક્રમમાં રહેશે.

**<u>અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી</u>**

## (૨) સમૂહ નૃત્ય ( Group Dance):

- સમૂહનૃત્યની સમય મયાર્દા ઓછામાં ઓછી ૦૮ થી વધુમાં વધુ ૧૦ મિનિટની રહેશે.
- યુનિવર્સિટી તરફથી બેકડ્રોપ, વીંગ તથા આગલા પડદાની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટી તરફથી ફલટ લાઈટ, સ્પોટ લાઈટ તથા યોગ્ય સંખ્યામાં માઈક્રોફોનની વ્યવસ્થા કરવામાં આવશે.
- મેક–અપ તથા વેશભૂષાની તમામ વ્યવસ્થા હરિફ સંસ્થાએ કરવાની રહેશે.
- ટુકડીમાં ભાગ લેનાર વ્યકિતઓની સંખ્યા ૦૮ થી ૧૦ રાખી શકાશે આ ઉપરાંત પાર્શ્વગાયકો, સંગીતકાર, દિગ્દર્શક વગેરે મળીને કુલ વધુમાં વધુ પાંચ વ્યકિતઓને રંગમંચ ઉપર પ્રવેશ આપી શકાશે.
- <u>વીડીયો/ઓડિયો આલ્બમના કે પાશ્ચાત્ય પ્રકારનાં સમૂહ નૃત્યો રજૂ કરી શકાશે નહીં.</u>

## (૩) સમૂહગીત ( Group Song ):

- સમૂહગીત ગાવા માટેની સમય મર્યાદા ઓછામાં ઓછી ૦૮ થી વધુમાં વધુ ૧૦ મિનિટની રહેશે.
- સમૂહગીતમાં હરિફ સંસ્થા તરફથી વધુમાં વધુ ૬ (છ) થી ૮ (આઠ) વ્યકિતઓ ભાગ લઈ શકશે. આ ઉપરાંત સંગીતકારો વિગેરે મળીને વધુ કુલ ત્રણ થી ચાર વ્યકિતઓને સહાયકો તરીકે રંગમંચ ઉપર પ્રવેશ આપી શકાશે.
- સમૂહગીતમાં ફિલ્મી ગીતો રજુ કરી શકાશે નહીં.
- ગીત હિન્દી અથવા ગુજરાતી ભાષામાં રહેશે.

## (૪) ગરબા ( Garba ):

- ગરબાની સમય મર્યાદા ઓછામાં ઓછી ૦૮ થી વધુમાં વધુ ૧૦ મિનિટની રહેશે. પ્રવેશ અને પ્રસ્થાન સહિત.
- ગરબામાં વધુમાં વધુ ૧૬ બહેનો અને ઓછામાં ઓછી ૧૨ બહેનો ભાગ લઈ શકશે. ગરબે ઘુમતી બહેનો જ ગરબો ગવડાવે, ઝીલે અને ઝીલાવે એ આવશ્યક છે. એ માટે જુદુ ગાયક વૃંદ રાખી શકાશે નહીં.
- ગરબાની રજુઆત વેળાએ સંગીતકારો તરીકે વધુ ૪ (ચાર) વ્યકિતઓ રહી શકશે અને સામાન્ય રીતે પરંપરિત વાદ્યોનો ઉપયોગ થઈ શકશે.
- ફિલ્મી અસરથી અને તરજ વિગેરેથી સર્વ રીતે ગરબો મુકત હોવો જોઈએ.
- ગરબાની રજુઆત માટે ચપટી, મંજીરા, દીવડા, માટલી, માઢ, ગાગર અને દાંડિયાને ઉપયોગમાં લઈ શકાશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાએ વેશભૂષા મેકઅપ અને સંગીત અંગેની વ્યવસ્થા પોતાના ખર્ચે કરવાની રહેશે.
- લાઈટસ, માઈક્રોફોનસની વ્યવસ્થા આયોજકો કરશે.
- ગરબાની રજુઆત વખતે રંગમંચ ઉપર રંગબેરંગી પ્રકાશ આયોજન કરી શકાશે નહીં.

**<u>અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી</u>**

## (૫) <u>એક વ્યકિત અભિનય</u> ( Mono Acting ):

- એક વ્યકિત અભિનયની સમય મર્યાદા ઓછામાં ઓછી ૦૫ થી વધુમાં વધુ ૦૭ મિનિટની રહેશે.
- એક વ્યકિત અભિનય સ્પર્ધામાં એક વ્યકિત દ્વારા, એક અથવા બે કે બેથી વધારે પાત્રોનો અભિનય થઈ શકાશે.
- એક વ્યકિત અભિનય માટે વેશભૂષા કે મેકઅપનો ઉપયોગ કરવો જરૂરી નથી.
- આ સ્પર્ધામાં કોઈ ફિલ્મી દશ્યો રજૂ કરી શકાશે નહીં. કૃતિની પસંદગી અને રજુઆતમાં ખાસ કાળજી રાખવી જરૂરી છે.

## (૬) <u>શાસ્ત્રીય નૃત્ય</u> ( Classical Dance ):

- શાસ્ત્રીય નુત્યની સમય મર્યાદા ઓછામાં ઓછી ૧૨ થી વધુમાં વધુ ૧૫ મિનિટની રહેશે.
- શાસ્ત્રીય નૃત્યમાં કથકલી, કથક, મણીપુરી કે ભરત નાટયમ, ઓડિસી, કુચિપુડી વગેરે અભિજાત શૈલીનું નૃત્ય રજુ કરી શકાશે ટેપરેકોર્ડર અથવા સી.ડી. પ્લેયર ઉપર નૃત્ય કરી શકાશે.
- શાસ્ત્રીય નૃત્યમાં કોઈ ફિલ્મી ગીત કે સંગીતના ઉપયોગ વડે નૃત્ય કરી શકાશે નહી.
- શાસ્ત્રીય નૃત્યમાં નૃત્યકાર ઉપરાંત સહાયકો તરીકે વધુમાં વધુ ૩ (ત્રણ) વ્યકિતઓને રંગમંચ ઉપર પ્રવેશ આપી શકાશે.
- દરેક નૃત્યશૈલીમાં ઓછામાં ઓછી ૩ (ત્રણ) કૃતિઓ હોય તો તે શૈલીની નૃત્ય સ્પર્ધાઓ અલગ યોજવી.

## (૭) <u>શાસ્ત્રીય કંઠય સંગીત</u> ( Classical Vocal Music ):

- શાસ્ત્રીય કંઠય સંગીતની સમય મર્યાદા વધુમાં વધુ ૧૦ મિનિટની અને ઓછામાં ઓછી ૮ મિનિટની રહેશે.
- શાસ્ત્રીય કંઠય સંગીત માટે ૨(બે) સહાયક રહેશે. વાદ્યોને રંગમંચ પર મેળવવા દેવામાં આવશે નહીં.
- શાસ્ત્રીય કંઠય સંગીતની સ્પર્ધામાં ઉત્તર હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીનું સંગીત રજૂ કરી શકાશે.
- શાસ્ત્રીય કંઠય સંગીતની સ્પર્ધામાં સૂર આપવા માટે તંબૂરો અથવા વાજાપેટીનો ઉપયોગ કરી શકાશે. સહાયક તાલ વાદ્યમાં કોઈપણ સહાયક વાદ્યો તથા વાદ્યકારોની વ્યવસ્થા ભાગ લેનારાએ જાતે કરવાની રહેશે.
- શાસ્ત્રીય કંઠય સંગીતની સ્પર્ધામાં ફિલ્મી ગીતો રજુ કરી શકાશે નહીં.

**અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી**

## (૮) હળવું કંઠય સંગીત ( Light Vocal Music ):

- હળવા કંઠય સંગીતની સમય મર્યાદા ઓછામાં ઓછી ૦૪ થી વધુમાં વધુ ૦૬ મિનિટની રેહેશે.
- હળવા કંઠય સંગીતમાં સંગીત માટે વધુમાં વધુ ચાર સૂર–વાદ્ય અથવા તાલ વાદ્ય અથવા બંને મળીને ઉપયોગ કરી શકશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ઉપરાંત વધુમાં ૨ (બે) થી ૪(ચાર) વ્યકિતઓને રંગમંચ ઉપર પ્રવેશ આપી શકાશે.
- હળવા કંઠય સંગીતની સ્પર્ધામાં જે તે સંગીત સાધનો હરિફ સંસ્થાએ જાતે લાવવાના રહેશે.
- હળવા કંઠય સંગીતમાં ફિલ્મી ગીતો ગાઈ શકાશે નહીં.
- ગીત હિન્દી કે ગુજરાતી ભાષામાં રહેશે.

## (૯) <u>શાસ્ત્રીય વાદ્ય સંગીત</u> ( Classical Instrument Music ):

- શાસ્ત્રીય વાદ્ય સંગીતની સમય મર્યાદા વધુમાં વધુ ૧૦ અને ઓછામાં ઓછી ૮ મિનિટની રહેશે.
- શાસ્ત્રીય વાદ્ય સંગીતમાં વાદ્ય લાવવાની જવાબદારી સ્પર્ધકની રહેશે.
- શાસ્ત્રીય વાદ્ય સંગીતની સ્પર્ધામાં વધુમાં વધુ બે સહાયકોને રંગમંચ ઉપર લાવી શકાશે.
- સ્પર્ધામાં સ્વર (સૂર) વાદ્ય કે તાલ વાદ્ય સંગીત રજુ કરી શકાશે.
- તાલ અને સૂરવાદ્યોમાં સ્પર્ધા યોગ્ય ( ઓછામાં ઓછી ત્રણ) સંખ્યામાં સ્પર્ધકો મળે તો તાલ અને સૂરવાદ્યની સ્પર્ધા અલગ અલગ કરવામાં આવશે.

## (૧૦) <u>હસ્તકલા</u> ( Handicraft ):

- હસ્તકલા સ્પર્ધામાં તમામ નમૂનાઓ સ્થળ ઉપર જ બનાવવાના રહેશે જેને માટે ૨ થી ૨:૩૦ કલાકની સમય મર્યાદા રહેશે.
- હસ્તકલામાં ફ્રેમવર્ક, ભરત ગૂંથળી, વાંસકામ, નેતરકામ, પૂઠાંકામ, પ્લાસ્ટીકની બનાવટો, ઘાંસના નમૂના અને તેના જેવા નાવીન્યપૂર્ણ હસ્તકલા નમૂના બનાવી શકાશે.
- હરીફ વધુમાં વધુ બે નમૂના રજૂ કરી શકશે.
- હરીફે નિયત કરેલ જગ્યાએ પોતાના નમૂના ગોઠવવાના રહેશે.
- હરીફે એકવાર રજૂ કરેલી પોતાની કૃતિ/નમૂનો ફરીવાર રજૂ કરી શકાશે નહી.
- હસ્તકલા સ્પર્ધા માટેની સામ્રગી સ્પર્ધકે લાવવાની રહેશે.
- હસ્તકળામાં સ્પર્ધકે દરેક વસ્તુ પોતાના હાથેથી આકાર આપવાનો રહેશે. કોઈ પણ આકાર વાળી તૈયાર વસ્તુનો સીધો ઉપયોગ થશે નહી.
- સ્પર્ધક સાથે કોઈ પણ સહાયક રાખવામાં આવશે નહી ચાલુ સ્પર્ધાએ કોઇ પણ મિત્રો સબંધીઓ એ મળવા આવવું નહી.

**અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી**

## (૧૧) શિઘ્ર ચિત્ર સ્પર્ધા ( On the Spot Painting ):

- હરીફ પોતાનું ચિત્ર રેખાચિત્ર રૂપે, તૈલરંગ કે જળરંગમાં સ્થળ પર જ ૨ થી ૨:૩૦ કલાકની સમયમાં દોરી શકશે.
- આયોજક કોલેજ/યુનિવર્સિટી તરફથી ૩૦'' × ૨૮'' અથવા યોગ્ય સાઈઝના ચિત્રકળા પેપરો આપવામાં આવશે.
- શિઘ્ર ચિત્ર સ્પર્ધા માટે રંગ તથા અન્ય તમામ સામ્રગીઓ સ્પર્ધકે પોતે લાવવાની રહેશે.

## (૧૨) કાવ્ય પઠન ( Poetry Recitation ):

- કાવ્ય પઠન ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- ગુજરાતી અથવા હિન્દી સાહિત્યમાંથી કાવ્યો પસંદ કરવાના રહેશે.
- સ્પર્ધાનો સમય ત્રણ થી પાંચ મિનિટનો રહેશે.
- કાવ્ય પઠનમાં ગાન અનિવાર્ય નથી.

## (૧૩) પાદપૂર્તિ ( Completion of Poetry ):

- પાદપૂર્તિ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં કરવાની રહેશે.
- પાદપૂર્તિ માટે સમય ૪૫ મિનિટ થી ૧ કલાકનો રહેશે.
- પાદપૂર્તિ માટે ત્રણ થી ચાર જુદી જુદી પંકિતઓ આપવામાં આવશે. જેમાંથી હરીફે કોઈપણ એક પંકિત પર પાદપૂર્તિ કરવાની રહેશે.
- પાદપૂર્તિ માટે આપેલ પંકિતમાં ઓછામાં ઓછી ત્રણ પંકિતઓ કે તેથી વધુ પંકિતઓ ઉમેરી શકાશે.

## (૧૪) નવલિકા લેખન સ્પર્ધા ( Short Story Writing ):

- નવલિકા ઓછામાં ઓછી ૭૫૦ શબ્દોની અથવા વધારે ૧૨૦૦ શબ્દોની હોવી જોઈએ.
- ભાષા, શુધ્ધિ, અભિવ્યકિત, નવનીતા, વિષય વસ્તુ, વિચાર, નિરૂપણ શૈલી અને સમ્રગ છાપ ઉપર નિર્ણય આપવામાં આવશે.
- વિષય સ્થળ ઉપર જ આપવામાં આવશે. નવલિકાનું શિર્ષક સ્પર્ધકે જાતે આપવાનું રહેશે.
- નવલિકા લેખન માટે સમય મર્યાદા ૨ થી ૩ કલાકની રહેશે.

**<u>અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી</u>**

## (૧૫) <u>ફોક ઓર્કેસ્ટ્રા સ્પર્ધા</u> ( Folk Orchestra):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે ટીમ ભાગ લઈ શકે છે.
- એક ટીમમાં ૯ અને ૩ સહાયક એમ કુલ ૧૨ થી વધુ ટીમમાં સભ્ય હોવા જોઈએ નહી.
- સ્પર્ધાનો સમય ઓછામાં ઓછો ૮ મિનિટ અને વધુમાં વધુ ૧૦ મિનિટનો રહેશે.
- સ્ટેજ વ્યવસ્થા માટે ૫ મિનિટનો સમય આપવામાં આવશે.
- સહાયકોની વેશભૂષા સ્પર્ધકોથી અલગ હોવી જોઈએ, અને તેઓની બેસવાની વ્યવસ્થા પણ સ્પર્ધકો કરતાં અલગ હોવી જોઈએ કે જેથી સ્પર્ધકોને સરળતાથી ઓળખી શકાય.
- સહાયકો સ્પર્ધકોને સહાય કરી શકે ટીમનું નેતૃત્વ (લીડ) ન કરી શકે.
- સ્પર્ધકોએ લોક ધૂન (લોક સંગીત) જ સ્પર્ધામાં વગાડવાનું રહેશે.

## (૧૬) લોકગીત (Folk Song):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે ટીમ ભાગ લઈ શકે છે.
- સ્પર્ધાનો સમય ઓછામાં ઓછો ૪ મિનિટ અને વધુમાં વધુ ૬ મિનિટનો રહેશે.
- સ્પર્ધક ઉપરાંત વધુમાં વધુ બે(૨) સહાયક રાખી શકાશે.
- લોકગીત સિવાયના અન્ય ગીત જેમકે ફિલ્મી કે બીજા કોઈ પ્રકારના ગીત રજૂ કરી શકાશે નહી.

## (૧૭) વક્તૃત્વ સ્પર્ધા ( Elocution):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે સ્પર્ધક ભાગ લઈ શકે છે.
- સ્પર્ધા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ઓછામાં ઓછો ૪ મિનિટ અને વધુમાં વધુ ૫ મિનિટનો રહેશે.
- વિષય સ્પર્ધાના સમયે સ્થળ પર આપવામાં આવશે.
- સ્પર્ધા ગદ્ય અને પદ્યમાં રહેશે ગાયન માન્ય નથી.
- સ્પર્ધકનો ક્રમાંક ડ્રો દ્વારા નકકી કરવામાં આવશે.

**અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી**

## (૧૮) ડિબેટ સ્પર્ધા ( Debate):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે ટીમ ભાગ લઈ શકે છે અને એક ટીમમાં બે સ્પર્ધક રહેશે.
- સ્પર્ધા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ઓછામાં ઓછો ૪ મિનિટ અને વધુમાં વધુ ૫ મિનિટનો રહેશે.
- વિષય સ્પર્ધાના ૨૪ કલાક પહેલા આપવામાં આવશે.
- સ્પર્ધામાં વાંચન સ્વીકાર્ય નથી.

## (૧૯) સ્કિટ સ્પર્ધા ( Skits):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે ટીમ ભાગ લઈ શકે છે અને એક ટીમમાં છ(૬) સ્પર્ધક અને ત્રણ સહાયક મળી કુલ નવ રહેશે.
- સ્પર્ધાનો સમય ઓછામાં ઓછો ૮ મિનિટ અને વધુમાં વધુ ૧૦ મિનિટનો રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ટીમે સ્ક્રિપ્ટની ત્રણ ઝેરોક્ષ વિભાગમાં જમા કરવાની રહેશે.
- સ્પર્ધા ગુજરાતી અને હિન્દી ભાષામાં રહેશે.
- અભદ્ર અને અશ્લીલતા સ્વીકાર્ય નથી.
- મૂલ્યાંકન વિષય વસ્તુ, અભિનય, મંચ વ્યવસ્થા અને સમગ્ર પ્રસ્તુતિ પર આધારિત રહેશે.

## (૨૦) માઈમ સ્પર્ધા ( Mime):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે ટીમ ભાગ લઈ શકે છે અને એક ટીમમાં ૬(છ) સ્પર્ધક ઉપરાંત બે સહાયકો મળી ટીમમાં કુલ ૮ સભ્યોથી વધુ હોવા જોઈએ નહિ.
- મૂલ્યાંકન વિષય વસ્તુ, સર્જનાત્મકતા, અભિનય, અને સમગ્ર પ્રસ્તુતિ પર આધારિત રહેશે.
- સ્પર્ધાનો સમય ઓછામાં ઓછો ૪ મિનિટ અને વધુમાં વધુ ૫ મિનિટનો રહેશે.

## (૨૧) મિમિક્રી સ્પર્ધા ( Mimicry):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે સ્પર્ધક ભાગ લઈ શકે છે.
- સ્પર્ધાનો સમય ઓછામાં ઓછો ૪ મિનિટ અને વધુમાં વધુ ૫ મિનિટનો રહેશે.
- સ્પર્ધકોએ જાણીતા અવાજો, જાણીતી વ્યકિતઓ અને ફિલ્મી હસ્તીઓ વગેરેની નકલ કરી શકે છે.
- મૂલ્યાંકન અનુકરણ કરવાની કુશળતા, અવાજની વિવિધતા, અનુકરણ કરેલ અવાજ અને પ્રસ્તુતિ પર આધારિત રહેશે.

**<u>અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી</u>**

## (૨૨) <u>પોસ્ટર મેકિંગ સ્પર્ધા</u> ( Poster Making):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે સ્પર્ધક ભાગ લઈ શકે છે.
- સ્પર્ધા સમય આપેલ વિષય પર સ્પર્ધકોએ પોતાની કૃતિ બનાવવાની રહેશે.
- સ્પર્ધાનો સમય ૨:૦૦ થી ૨:૩૦ કલાકનો રહેશે.
- સ્પર્ધકોએ સાધન સામગ્રી પોતાની લાવવાની રહેશે.
- યુનિવર્સિટી દ્વારા ૨૨" X ૧૫" નું ડ્રોઈંગ પેપર આપવામાં આવશે.

## (૨૩) <u>કલે મોડેલિંગ સ્પર્ધા</u> ( Clay Modeling):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે સ્પર્ધક ભાગ લઈ શકે છે.
- સ્પર્ધાનો સમય ૨:૦૦ થી ૨:૩૦ કલાકનો રહેશે.
- વિષય, માપ વગેરે માહિતી સ્પર્ધાના સ્થળ પર કરવામાં આવશે.
- કલે મોડલિંગ માટે કલે (માટી) યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

## (૨૪) <u>કાર્ટુન મેકિંગ ઓન કરંટ ઈશ્યૂ સ્પર્ધા</u> ( Cartoon Making On Current Issue):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે સ્પર્ધક ભાગ લઈ શકે છે.
- વિષય–વસ્તુ સ્પર્ધામાં સ્થળ પર જાહેર કરવામાં આવશે.
- સ્પર્ધાનો સમય ૨:૦૦ થી ૨:૩૦ કલાકનો રહેશે.
- સ્પર્ધકોએ સાધન સામગ્રી પોતાની લાવવાની રહેશે.
- યુનિવર્સિટી દ્વારા ૨૨" X ૧૫" નું ડ્રોઈંગ પેપર આપવામાં આવશે.

**<u>અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી</u>**

## (૨૫) <u>રંગોળી સ્પર્ધા</u> ( Rangoli):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે સ્પર્ધક ભાગ લઈ શકે છે.
- સ્પર્ધાનો સમય ૨:૦૦ થી ૨:૩૦ કલાકનો રહેશે.
- સ્પર્ધકોએ સાધન સામગ્રી પોતાની લાવવાની રહેશે.
- આ કળા અલગ અલગ જગ્યા એઅલગ અલગ નામે ઓળખાઈ છે જેમકે મંદના, અલ્પના, આલેખન, કોલમ, રંગનેળી વગેરે...
- અભિવ્યકિત માટે ફ્રી હેન્ડ, પિકટોરિબલ અથવા ડિસ્ક્રિપ્ટિવ રીત વાપરી શકાશે. કોઈ પણ એક જ માદયમ વાપરી શકાશે. પોસ્ટર કલર / ફુલની પાંખડીઓ / લાકડાનો વેર / કઠોળ / ચોખા.... (પેસ્ટ વગર)
- સ્પર્ધકોએ આપવામાં આવતી જગ્યામાં જ રંગોળી બનાવવાની રહેશે.

## (૨૬) <u>મહેંદી સ્પર્ધા</u> ( Mehandi):

- એક કોલેજ માંથી વધુમાં વધુ બે સ્પર્ધક ભાગ લઈ શકે છે.
- સ્પર્ધાનો સમય ૨:૦૦ થી ૨:૩૦ કલાકનો રહેશે.
- સ્પર્ધકોએ સાધન સામગ્રી પોતાની લાવવાની રહેશે.
- મૂલ્યાંકન ઓરિજિનલ કન્ટેન્ટ, કલાત્મકતા, શણગારની કળા અને દેખાવ પર આધારિત રહેશે.
- હાથ થી છાપેલી પ્રિન્ટ, કોઈ પણ જાતના બીબા અને કોઈ પણ જાતનું ડેકોરેટિવ મટીરીયલ સ્વીકાર્ય નથી.
- મહેંદી હથેળીનાં નીચા ભાગ સુધી દોરવાની રહેશે અને ઓછમાં ઓછું ૬'' ની હોવી જાઈએ. આ રીતે મહેંદી બંને હથેળી માં મુકવાની રહેશે.
- જે મોડેલ(સહાયક) છે તે પણ એ જ કોલેજની હોવી જોઈએ.

**અત્યંત અગત્યનું : જે સ્પર્ધામાં ભાગ લેનાર હોય તે પ્રવેશપત્રની માત્ર એક કોપી યુવક કલ્યાણ વિભાગને મોકલવી**

# લવાદ પંચ

**હેતુ :**

યુવા મહોત્સવની સ્પર્ધાઓનું આયોજન યુનિવર્સિટીએ માન્ય કરેલા નીતિ નિયમ અનુસાર થાય તે હેતુથી પ્રત્યેક વર્ષ માટે એક લવાદપંચની નિમણૂંક કરવામાં આવશે.

**રચના :**

(૧) કુલપતિશ્રી અથવા એમના પ્રતિનિધિ (હોદ્દોની રૂએ પ્રમુખ)

(૨) નિયામકશ્રી, યુવક કલ્યાણ

(૩) સહાયક નિયામકશ્રી, યુવક કલ્યાણ (હોદ્દોની રૂએ મંત્રી)

(૪) કુલપતિશ્રીએ નીમેલ બે સભ્ય જેઓ યુવક કલ્યાણ સમિતિના સભ્ય હોવા જરૂરી છે.

**નોંધઃ**

જો આયોજક કોલેજ કોઈ ફરિયાદમાં પક્ષકાર હોય તો તેવા પ્રસંગે તે કોલેજના આચાર્યશ્રી તે ફરિયાદની રજૂઆત ચર્ચા પ્રસંગે લવાદપંચની બેઠકમાં હાજર રહી શકશે નહીં.

**કાર્યવાહી :**

લવાદપંચના મંત્રી સમક્ષ રજૂ થતી ફરિયાદ જે તે પક્ષકાર કોલેજ લેખિત રીતે રજૂ કરે ત્યારબાદ મંત્રી લવાદપંચની બેઠક બોલાવશે. લવાદપંચની આ બેઠકમાં ફરિયાદમાં જણાવેલ હકીકતોની ચકાસણી પછી જો પ્રથમ દર્શનીય પુરવામાં( Prime - Facie ) તથ્ય માલૂમ પડે તો સદરહુ ફરિયાદ સાથે સંકળાયેલી અન્ય પક્ષકાર કોલેજને ફરિયાદ અંગેની જાણ કરીને જે તે પક્ષકાર કોલેજને ફરિયાદ બાબત જે કંઈ લેખિત ખુલાસો કરવો હોય તે રજૂ કરવા જણાવવું. ઉપર પ્રમાણેના ખુલાસાઓ રજુ થયા બાદ લવાદપંચ ફરિયાદ, ખુલાસા, પુરાવા આદિની વિગતવાર ચકાસણી કરીને ફરિયાદ અંગેનો નિર્ણય લેશે, જે નિર્ણય આખરી અને તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## સૂચિત માર્કીંગ સ્કીમ

**૧.એકાંકી નાટક :**

| સંઘકાર્ય/આંગિક, વાચિક, સાત્વિક અભિનય | દિગ્દર્શન | પ્રકાશ ધ્વનિ આયોજન | રંગભૂષા | વેશભૂષા | નાટયઠ પસંદગી (સ્ક્રીપ્ટ) ૧૦, નાટયત્મક મૂલ્ય + ૫, સાહિત્યિક મૂલ્ય = | સમ્રગ અસર |
|---|---|---|---|---|---|---|
| ૪૦ | ૧૫ | ૧૦ | ૫ | ૫ | ૧૫ | ૧૦ |

**૨. સમૂહનૃત્ય :**

| સમૂહ નૃત્યના વિષયની અનુરૂપતા | સંઘકાર્ય (ટીમવર્ક) સ્ટેપનું વૈવિધ્ય, રજુઆતની વિશિષ્ટતા, ભાવમય ડોલન | નૃત્યને અનુરૂપ સંગીત, તાલ, લય | સમ્રગ રજુઆત અનુરૂપ રંગભૂષા |
|---|---|---|---|
| ૨૦ | ૪૦ | ૨૦ | ૨૦ |

**૩. સમૂહગીત :**

| વાદનો સાથ અને સંગીતનું આયોજન | ગીતની પસંદગી અને શબ્દ રચના | ગીતોના શબ્દોને ભાવને અનુરૂપ ગીતનો ઢાળ અને સ્વરની વિવિધતા પ્રમાણે કલાકારોની પસંદગી | સમૂહગાન, સુરીલાપણું તાલ–લય સુરની લગાવટ, સ્વર રચના | સમ્રગ રજુઆત |
|---|---|---|---|---|
| ૨૦ | ૧૦ | ૨૫ | ૨૫ | ૨૦ |

**૪. ગરબા :**

| કૃતિ, ઢાળ અને સ્વરાંકન | લય–તાલ બધ્ધતા | સૂરીલાપણું કંઠ માધુર્ય અને સુમેળ સમૂહગાન | ગતિ ગુંફન અને ઘુમવાની છટા કોરીયોગ્રાફી | સમ્રગ રજુઆત |
|---|---|---|---|---|
| ૧૫ | ૨૦ | ૨૫ | ૨૫ | ૧૫ |

**૫. એકવ્યકિત અભિનય :**

| અભિનય (વાચિક, આંગિક, સાત્વિક) | સ્ક્રીપ્ટની પસંદગી, નાટયાત્મક મૂલ્ય – ૨૫ સાહિત્યિક મૂલ્ય – ૧૫ = ૪૦ | સમ્રગ રજુઆત |
|---|---|---|
| ૪૦ | | ૨૦ |

**૬. શાસ્ત્રીય નૃત્ય :**

| શાસ્ત્રીય પધ્ધતિની શુધ્ધતા તથા પૂર્ણતા | શાસ્ત્રીય પધ્ધતિની અનુરૂપ લય–તાલ સંગીત | ભાવ, અભિનય, અભિવ્યકિત | અનુરૂપ પરિધાન અને સર્જનાત્મક | સમ્રગ રજુઆત |
|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |

**૭. શાસ્ત્રીય કંઠય સંગીત :**

| રાગ વિસ્તાર, નિર્દિષ્ટ ચીજનું વૈવિધ્ય | સુરની લગાવટ, સ્વરની વિવિધતા ગાન તથા રાગની ભાવ વાહિતા | તાલ–લય | સમ્રગ રજુઆત |
|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૨૦ | ૨૦ |

**૮. હળવું સંગીત :**

| ગીતની પસંદગી | ગીના શબ્દો ભાવને અનુરૂપ ગીતનું સ્વરાંકન, ઢાળ, સ્વરની વિવિધતા સુરીલાપણું, સ્વર રચનાનું માધુર્ય | ગાયાન સ્વર લગાય તાલ | વાદ્યનો સાથ–સંગત, અનુરૂપતા ઉચ્ચાર | સમ્રગ રજુઆત |
|---|---|---|---|---|
| ૧૦ | ૩૦ | ૨૫ | ૧૫ | ૨૦ |

**૯. શાસ્ત્રીય વાદ્યા સંગીત :**

| રાગ–વિસ્તાર, આલાપચારી ગત, જોડ, ઝાલા | સુરીલાપણું, વાદ્ય પરનો કાબુ, સ્વરની સ્પષ્ટતા, રાગની ભાવ વાહિતા | તાલ–લય | સમ્રગ રજુઆત |
|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૨૦ | ૨૦ |

**૧૨. કાવ્ય પઠન :**

| ઉચ્ચાર શુધ્ધિ | ભાવ વિહિતા | અભિવ્યકિત | કૃતિ પસંદગી | સમ્રગ રજુઆત |
|---|---|---|---|---|
| ૩૦ | ૨૦ | ૨૦ | ૧૦ | ૨૦ |

**૧૩. પાદપૂર્તી :**

| છંદ / લય | કલ્પના અને ઉર્મિ | નિરૂપણ | મૌલિકતા | સમ્રગ રજુઆત |
|---|---|---|---|---|
| ૧૫ | ૨૦ | ૨૫ | ૨૦ | ૨૦ |

**૧૪. નવલિકા :**

| વિષય વસ્તુ અનુરૂપ વિચાર | રૂપ રચના આકાર નિર્મિતી | ભાષા અને શૈલી | ભાષા શુધ્ધિ | સમ્રગ રજુઆત |
|---|---|---|---|---|
| ૧૫ | ૩૦ | ૧૫ | ૨૦ | ૨૦ |

૧૫ . ફોક ઓર્કેસ્ટ્રા :

| વાદનો સાથ અને સંગીતનું આયોજન ૨૦ | કૃતિની પસંદગી અને રચના ૧૦ | ભાવને અનુરૂપ ઢાળ અને સ્વરની વિવિધતા પ્રમાણે કલાકારોની સંગત ૨૫ | સુરીલાપણું તાલ–લય સુરની લગાવટ, સ્વર રચના ૨૫ | સમ્રગ રજુઆત ૨૦ |
|---|---|---|---|---|

૧૬. લોક ગીત:

| ગીતની પસંદગી ૧૦ | ગીના શબ્દો ભાવને અનુરૂપ ગીતનું સ્વરાંકન, ઢાળ, સ્વરની વિવિધતા સુરીલાપણું, સ્વર રચનાનું માધુર્ય ૩૦ | ગાયાન સ્વર લગાય તાલ ૨૫ | વાદ્યનો સાથ–સંગત, અનુરૂપતા ઉચ્ચાર ૧૫ | સમ્રગ રજુઆત ૨૦ |
|---|---|---|---|---|

૧૭. વકતૃત્વ:

| ઉચ્ચાર શુધ્ધિ ૩૦ | ભાવ વિહિતા ૨૦ | અભિવ્યકિત ૨૦ | કૃતિ પસંદગી ૧૦ | સમ્રગ રજુઆત ૨૦ |
|---|---|---|---|---|

૧૮. ડિબેટ:

| ઉચ્ચાર શુધ્ધિ ૩૦ | ભાવ વિહિતા ૨૦ | અભિવ્યકિત ૨૦ | કૃતિ પસંદગી ૧૦ | સમ્રગ રજુઆત ૨૦ |
|---|---|---|---|---|

૧૯. સ્કિટ:

| સંઘકાર્ય/આંગિક, વાચિક, સાત્વિક અભિનય ૪૦ | દિગ્દર્શન ૧૫ | પ્રકાશ ધ્વનિ આયોજન ૧૦ | રંગભૂષા ૫ | વેશભૂષા ૫ | નાટયઠ પસંદગી (સ્ક્રીપ્ટ) ૧૦, નાટયત્મક મૂલ્ય + ૫, સાહિત્યિક મૂલ્ય = ૧૫ | સમ્રગ અસર ૧૦ |
|---|---|---|---|---|---|---|

૨૦. મૂક અભિનય:

| અભિનય (વાચિક, આંગિક, સાત્વિક) ૪૦ | સ્ક્રીપ્ટની પસંદગી, નાટયાત્મક મૂલ્ય – ૨૫ સાહિત્યિક મૂલ્ય – ૧૫ = ૪૦ | સમ્રગ રજુઆત ૨૦ |
|---|---|---|

૨૧. મિમિક્રી :

| અનુકરણ કરવાની કુશળતા ૨૦ | અવાજની વિવિધતા ૨૦ | અભિવ્યકિત ૨૦ | સર્જનાત્મકતા ૨૦ | સમ્રગ રજુઆત ૨૦ |
|---|---|---|---|---|

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

૫૦ મો સ્વર્ણિમ યુવા મહોત્સવ

| ક્રમાંક | સ્પર્ધા | સ્પર્ધકની સંખ્યા | સહાયકો ની સંખ્યા | સ્પર્ધક + સહાયક | ઓછામાં ઓછો સમય | વધુમાં વધુ સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગરબા | ૧૨ થી ૧૬ | ૪ | ૧૬ થી ૨૦ | ૮ મિનિટ | ૧૦ મિનિટ |
| ૨ | સમૂહ નૃત્ય | ૮ થી૧૦ | ૫ | ૧૩થી૧૫ | ૮ મિનિટ | ૧૦ મિનિટ |
| ૩ | ફોક ઓકેસ્ટ્રા | ૯ | ૩ | ૧૨ | ૮ મિનિટ | ૧૦ મિનિટ |
| ૪ | એકાંકી નાટક | ૨ થી૧૨ | ૪ | ૬ થી૧૬ | ૨૫ મિનિટ | ૩૦ મિનિટ |
| ૫ | સ્કિટ | ૬ | ૩ | ૯ | ૮ મિનિટ | ૧૦ મિનિટ |
| ૬ | સમૂહ ગીત | ૬ થી ૮ | ૩થી ૪ | ૯ થી ૧૨ | ૮ મિનિટ | ૧૦ મિનિટ |
| ૭ | લોકગીત | ૧ | ૨ | ૩ | ૪ મિનિટ | ૦૬ મિનિટ |
| ૮ | હળવું કંઠય સંગીત | ૧ | ૨ | ૩ | ૪ મિનિટ | ૦૬ મિનિટ |
| ૯ | શાસ્ત્રીય કંઠય સંગીત | ૧ | ૨ | ૩ | ૮ મિનિટ | ૧૦ મિનિટ |
| ૧૦ | શાસ્ત્રી વાદ્ય સંગીત (સુર વાદ્ય/ તાલ વાદ્ય) | ૧ | ૨ | ૩ | ૮ મિનિટ | ૧૦ મિનિટ |
| ૧૧ | શાસ્ત્રીય નૃત્ય | ૧ | ૩ | ૪ | ૧૨ મિનિટ | ૧૫ મિનિટ |
| ૧૨ | કાવ્ય પઠન | ૧ | – | ૧ | ૦૩મિનિટ | ૦૫ મિનિટ |
| ૧૩ | એકપાત્રી અભિનય | ૧ | – | ૧ | ૦૫ મિનિટ | ૦૭ મિનિટ |
| ૧૪ | મુખ અભિનય | ૬ | ૨ | ૮ | ૦૪ મિનિટ | ૦૫ મિનિટ |
| ૧૫ | વકર્તત્વ | ૧ | – | ૧ | ૦૪ મિનિટ | ૦૫ મિનિટ |
| ૧૬ | ડિબેટ | ૨ | – | ૨ | ૦૪ મિનિટ | ૦૫ મિનિટ |
| ૧૭ | મિમિક્રી | ૧ | – | ૧ | ૦૪ મિનિટ | ૦૫ મિનિટ |
| ૧૮ | નવલિકા લેખન | ૧ | – | ૧ | ૨ કલાક | ૩ કલાક |
| ૧૯ | પાદપૂર્તિ | ૧ | – | ૧ | ૪૫ મિનિટ | ૧ કલાક |
| ૨૦ | ચિત્રકળા | ૧ | – | ૧ | ૨ કલાક | ૨:૩૦ કલાક |
| ૨૧ | હસ્તકળા | ૧ | – | ૧ | ૨ કલાક | ૨:૩૦ કલાક |
| ૨૨ | કલે મોડલિંગ | ૧ | – | ૧ | ૨ કલાક | ૨:૩૦ કલાક |
| ૨૩ | કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઈશ્યૂ | ૧ | – | ૧ | ૨ કલાક | ૨:૩૦ કલાક |
| ૨૪ | રંગોલી | ૧ | – | ૧ | ૨ કલાક | ૨:૩૦ કલાક |
| ૨૫ | મહેંદી | ૧ | ૧ | ૨ | ૨ કલાક | ૨:૩૦ કલાક |
| ૨૬ | પોસ્ટર મેકિંગ | ૧ | – | ૧ | ૨ કલાક | ૨:૩૦ કલાક |